ગાંધીનગર સમાચાર
તા. ૨-૧-૨૦૧૨, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

લોકાયુક્ત સંસ્થાને સર્વસમંતિથી મજબૂત બનાવવાનો સમય પાકી ગયો છે

જનલોકપાલ અંગેના રાષ્ટ્રીય આંદોલનને વખત પૂરતું દેશભરમાંથી સમર્થન સાંપડ્યું હતું, લોકો રસ્તા પર આવી ગયા હતા અને અણ્ણા હજારેમાં બધાને બીજા ગાંધી દેખાવા લાગ્યા હતા. લોકાયુક્ત એ રાજય માટેનો લોકપાલ છે, એથી જયારે એની નિણમૂક પણ કેન્દ્ર સ્તરેથી થાય એવી થિયરી આવી ત્યારે રાજયોને એમાં પોતાની સત્તા આંચકી લેવાશે, અને રાજય જાણે કેન્દ્રનું ઓશિયાળું કે ખંડિયું એકમ હોય, એવી દહેશત પેસી ગઈ હતી. 'લોકપાલ' હજી ત્રિશંકુની જેમ અધ્ધર લટકી રહ્યા છે ત્યારે રાજય સ્તરે લોકાયુક્તની ભૂમિકા વિશે પણ પરસ્પર વિરોધી મંતવ્યો રજૂ થતાં રહ્યાં છે. દરેક રાજય લોકાયુક્તની બાબતમાં સૈધ્ધાંતિક રીતે સહમત હોવા છતાં એનો અંકુશ પોતાને હસ્તક રાખવાના મુદ્દે આગ્રહી છે.

અહીં રાજયપાલશ્રીની બંધારણીય સત્તા વિશેનો ખુલાસો તો મળી જાય છે, પરંતુ લોકાયુક્ત જેવી બંધારણીય સત્તાને મુદ્દે સતત જે પ્રકારનું વરવું રાજકારણ રમાતું રહ્યું છે, એ મોટી ચિંતાજનક બાબત છે, કાલે જસ્ટિસ આર.એ. મહેતા એમનો હોદો સંભાળી લે તો પણ એમને પોતાને નહીં ઈચ્છતી સરકારના માથે બળજબરીપૂર્વક ઠોકી બેસાડાયા હોવાને અહેસાસ તો રહ્યાં જ કરશે. સામે પક્ષે મોટી સરકાર સતત એમનાં નામથી ફફડતી રહેશે, ડરતી રહેશે અને એમનાંથી લપાતી-છુપાતી રહેશે. કોંગ્રેસના આગેવાનો લોકાયુક્ત મુદ્દે રાજયપાલશ્રીના વિજયને પોતાનો પક્ષીય વિજય સમજશે તો એથી નુકશાન તો લોકાયુક્તની ગરિમાને જ થવાનું છે.

ગુજરાતમાં લોકાયુક્તને કેટલી સત્તાઓ અપાયેલ છે, તે પણ વિચારણીય મુદ્દો છે. અત્યાર સુધીના અધિકૃત, મુદત પૂરી કરી ચૂકેલાં લોકાયુક્તો સમક્ષ જેટલા કિસ્સા તપાસ અર્થે આવ્યા એમાં કોઈ નામાંકિત મોટા માથાને નમૂનારૂપ સજા પણ થઈ હોય - એવો બનાવ બનવાનો બાકી જ છે! અમરસિંહ ચૌધરી સામે વ્યારાના વનકૌભાંડનો કેસ કરાયો હતો, ઘણી ચકચાર થઈ હતી અને પગલાં લેવા અંગે ભલામણ પણ થઈ હતી. કશું જ થયું નહોતું એ સર્વવિદિત છે. હાલ સરકારી દૂધ ડેરીઓનાં ફેડરેશન તથા મહેસાણાની દૂધસાગર ડેરીના સુકાની અને ભૂતપૂર્વ ગૃહ રાજયમંત્રી વિપુલ ચૌધરી સામે થયેલા જીપ ખરીદીના કૌભાંડનો કેસ પણ લોકાયુક્તને સોંપાયેલો. એ તપાસ અધૂરી જ રહી ગઈ હતી. ભારતીય જનતા પાર્ટીના અમદાવાદના મેયર અને ગુજરાત હાઉસિંગ બોર્ડના તત્કાલીન અધ્યક્ષ પ્રફુલ્લ બારોટ સામે બોર્ડના કૌભાંડ અંગે કેસ થયો હતો. લોકાયુક્તે પ્રારંભિક તપાસ કરી હતી પરંતુ આગળ ઉપર કશાં પગલાં લેવાયાં ન હતાં.

અલબત્ત, એનો અર્થ હરગિજ એવો પણ ન જ કરાય કે લોકાયુક્તનીકોઈ વિશેષ ભૂમિકા નથી. લોકાયુક્તને સીધી જ દખલગીરી કરવાની વિશેષ સત્તા મળવી જોઈએ. એના બોલનો તોલ થવો જોઈએ. એના એક એક સૂચન વિશે સરકારે ત્વરિત પગલાં લેવાની તૈયારી રાખવી જોઈએ. જો આટલી નિષ્ઠા અને ગંભીરતાપૂર્વક લોકાયુક્તની નિયુક્તિ અને સ્વીકૃતિ થશે તો એથી સરકારી તંત્ર પર એક નોંધપાત્ર અંકુશ ઊભો થશે. જસ્ટિસ આર.એ. મહેતા એવા નીડર અને નિષ્પક્ષ લોકાયુક્ત બની રહે એવી સઘળી ક્ષમતાઓ ધરાવતા ન્યાયવિદ્ છે. પરંતુ એમનું નામ જે લાંબા વિવાદમાં સપડાયું છે તે જોતાં તેઓ પોતે હોદો ધારણ કરવા અંગે કેટલા ઉત્સુક હશે, તે સમજી શકાય એમ છે.

છાશવારે કોર્ટોમાં દોડી જઈને સરકાર અને વિપક્ષ ન્યાયપાલિકાને બિનજરૂરી તનાવની સ્થિતિમાં મૂકતાં રહે છે, તે સ્થિતિ પણ ગંભીર વિચારણા માગી લે છે. રાજકારણની જગ્યાએ રાજકારણ રમાય, ત્યાં સુધી તે ક્ષમ્ય લેખાય; પરંતુ ન્યાયપાલિકાને પણ એ આભડવા અને અભડાવવા લાગે છે ત્યારે જનસમુદાયમાં રાજકારણ અને રાજકારમીઓ તરફ નરી સૂગ જ વરતાઈ રહે છે. ન્યાયપાલિકાને ન્યાયનું કામ કરવા દેવું જોઈએ. નાના મોટા દરેક મુદ્દે ન્યાયની દેવડીના દરવાજા ખખડાવીને ન્યાયતંત્રનો વખત ન બગાડવો જોઈએ. લાખોની સંખ્યામાં કેસોનો ભરાવો થતો જ રહેતો હોય ત્યાં રાજકારણીઓના અંદરોઅદરના ઝઘડા અને વેરઝેર વિકૃત સ્વરૂપે ન્યાયપાલિકાની પજવણી કરે તે ન્યાયતંત્રની ગરિમાનું ઉલ્લંઘન છે.

લોકાયુક્ત મુદ્દે સર્વોચ્ચ ન્યાયાલયનો ચુકાદો એ તળિયે ગયેલા ડંખીલા રાજકારણના અંદરોઅંદરના કલહની જ પારાશીશી સમાન છે. હવે તો સુધરવું જ રહ્યું.

ડૉ. મેહુલ શાહને ચિકિત્સક રત્ન એવોર્ડ અર્પણ

ગાંધીનગર નિવાસી ડૉ. મેહુલ બિપીનચંદ્ર શાહને નવી દિલ્હી સ્થિત ગ્લોબલ સોસાયટી ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન દ્વારા અખિલ ભારતીય સ્તરે ઈન્ડિયન અચિવર્સ એવોર્ડ ફોર ચિકિત્સક રત્ન એનાયત કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન એચિવર્સ એવોર્ડ ભારત ભરમાંથી ચિકિત્સા, શિક્ષણ અને વ્યવસાયિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર મહાનુભાવોને આ એવોર્ડ અપાય છે. નવી દિલ્હી ખાતે ૧૭મી ડિસેમ્બરના રોજ તમિલનાડુના માજી ગવર્નર ભિષ્મ નારાયણસિંહ તથા સી.બી.આઈ.ના પૂર્વ ડિરેક્ટર જોગીન્દરસિંહના વરદ હસ્તે ડૉ. મેહુલ શાહને ઈન્ડિયન એચિવર્સ એવોર્ડ ફોર ચિકિત્સક રત્ન એનાયત થયો હતો. ડૉ. મેહુલ શાહે પોતાની ૧૪ વર્ષની હોમિયોપેથિક ચિકિત્સાની કારકિર્દીમાં અનેક કષ્ટસાધ્ય, અસાધ્ય રોગોમાં સફળતાપૂર્વક ઉપચાર કર્યો છે. ફક્ત ૩૮ વર્ષની યુવા વયે રાષ્ટ્રીય સ્તરનો પુરસ્કાર મેળવવા બદલ સ્નેહીજનોએ ડૉ. મેહુલ શાહને અભિનંદન પાઠવ્યા છે.

કોલેજોમાં ટૂંક સમયમાં ઓન ડિમાન્ડ ઓનલાઈન સીસ્ટમ અમલી કરાશે

આ સિસ્ટમ થકી વિદ્યાર્થીઓ પોતાની મરજી મુજબ ચોક્કસ સમયગાળા દરમિયાન ઓનલાઈન પરીક્ષા આપી શકશે

અમદાવાદ, તા. ૦૩

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સમગ્ર વર્ષ દરમિયાન અધ્યાપકોને પરીક્ષાની કામગીરીમાં રાહત આપવા ટૂંક સમયમાં ઓન ડિમાન્ડ ઓનોલાઈન એક્ઝામિનેશન સિસ્ટમ અમલી કરાશે. આ સિસ્ટમ થકી વિદ્યાર્થીઓ પોતાની મરજી મુજબ ચોક્કસ સમયગાળા દરમિયાન ઓનલાઈન પરીક્ષા આપી શકશે.

પ્રથમ તબક્કે ૭૧૦ પરીક્ષા કેન્દ્રો શરૂ કરવાનું આયોજન કરાશે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ગત વર્ષથી ચોઈસ બેઝ ક્રેડિટ સિસ્ટમ અમલી કરાતા વર્ષ દરમિયાન બે પરીક્ષાઓ યુનિવર્સિટી કક્ષાએ લેવાનું આયોજન કરાયું હતું. જેના કારણે અધ્યાપકો સમગ્ર વર્ષ પરિક્ષાલક્ષી કામગીરીમાં વ્યસ્ત જણાઈ આવતા હતા. તેમજ વિદ્યાર્થીઓને પણ રાહત આપવા ઉચ્ચ શિક્ષણ વિભાગે ઓન ડિમાન્ડ ઓનલાઈન એક્ઝામિનેશન સિસ્ટમ અમલી કરવા ક્વાયત હાથ ધરેલ છે. જે અનુસંધાને સરકારી કોલેજોના આચાર્યોની એક ટીમનું ગઠન કરી કઈ કઈ કોલેજોમાં ઓનલાઈન પરીક્ષા કેન્દ્રો શરૂ કરી શકાય તેની ચકાસણી કરાશે. નોંધનીય છે કે, ઓન ડિમાન્ડ ઓનલાઈન પરીક્ષા માટે ચોક્કસ સમયગાળો નક્કી કરાશે જેથી વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા મુજબ ઓનલાઈન પરીક્ષા આપી શકશે. દરેક વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રશ્નપત્રો અપાશે. ટૂંકા, લાંબા અને ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો પૂછાશે. તેમજ પ્રશ્નપત્રની ચકાસણી પણ ઓનલાઈન કરાશે. ઉલ્લેખનીય છે કે પ્રથમ તબક્કે ૭૧૦ પરીક્ષા કેન્દ્રો ખોલવાનું આયોજન કરાયું છે.

રાજ્યમાં પગપાળા વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે

૧૫ થી ૩૫ વર્ષની વયના યુવક-યુવતીઓ અરજી કરી શકશે

ગાંધીનગર, તા. ૩

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદાવાળા વિદ્યાર્થી, બિન વિદ્યાર્થી અને યુવક-યુવતિઓ માટે સાહસિક પગપાળા વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જાન્યુઆરી ૨૦૧૩માં યોજાનાર આ ૧૦ દિવસના પરિભ્રમણ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા યુવક-યુવતિઓને તક આપવામાં આવશે. વધુમાં જે યુવક-યુવતિઓ ૧૫-૧-૨૦૧૩ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હશે તેઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતિઓએ અરજીમાં પુરૂં નામ, સરનામું, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, એન.સી.સી./ પર્વતારોહણ/ રમતગમત સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તેની વિગત, શારીરિક તંદુરસ્તીનું તબીબી પ્રમાણપત્ર, અગાઉ આ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લીધો હોય તો તેની વિગત, વાલીની સંમતિ અને તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથેની અરજી જિલા રમતગમત અધિકારીની કચેરી, બહુમાળી મકાન, બ્લોક નં. સી, ત્રીજો માળ, રાજમહેલ કેમ્પ, અમરેલી-૩૬૪૦૦૧ને તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૩ સુધીમાં મોકલી આપવાની રહેશે. પસંદગી પામેલા ઉમેદવારને કચેરી તરફથી જાણ કરવામાં આવશે.

બંધનુ એલાન છતાં જીટીયુની પરીક્ષા રાબેતા મુજબ લેવાઈ

અમદાવાદ, તા. ૩

દિલ્હી ગેંગ રેપના મામલે આજે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું પરંતુ આ બંધના એલાનમાં શાળા-કોલેજો જોડાયા નહિ હોવાથી ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીની ચાલતી સેમેસ્ટરની પરીક્ષાઓ રાબેતા મુજબ ચાલી રહી છે. જીટીયુના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારત બંધના અંગે સત્તાવાર કોઈ જાણકારી નથી તેમજ જીટીયુની ચાલી રહેલી પરીક્ષા રાબેતા મુજબ લેવાઈ રહી છે. આજે તમામ પરીક્ષાઓ રાબેતા મુજબ શાંતિપૂર્ણ રીતે શરૂ થઈ છે.

પંચશીલ વિદ્યાલય રખિયાલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

દહેગામ, તા. ૩

લોકનાદ શિક્ષણ સંકુલ રખિયાલમાં અર્બુદા કેળવણી ટ્રસ્ટ દ્વારા સ્વયં સંચાલિત પંચશીલ વિદ્યાલયમાંથી શૈક્ષણિક પ્રવાસમાં ધનિયોલ, બાબરા, ઉદણ, રખિયાલ, સામેત્રી, ઊંટરડા, પનાપુર અને પાટનાકુવા વગેરે ગામોમાં પંચશીલમાં ભણવા આવતા ૧૬૦ વિદ્યાર્થીઓ જોડાતા હતા. દિવ્યશક્તિ પીઠ ખેડબ્રહ્માના અંબાજી, મોટા અંબાજી, ગબ્બર દર્શન, શામળાજી વગેરે પ્રવાસ કરેલ હતો.

ચાલુ શીત લહેરની મોસમમાં પણ બાળકોએ ઋતુ અનુકૂળ પોષાક પહેરી શિસ્ત જાળવીને પ્રવાસમાં જોડાયા હતા. રામાભાઈ ભરવાડ, રજનીકાંત પટેલ, સોમાભાઈ તથા શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ, વગેરે સાંસ્કૃતિક વારસાનું જતતતન કરવાની ભાવના કેળવીને પ્રવાસીઓને બિરદાવતા હતા.

સાહેબ વાઈબ્રન્ટ ફેસ્ટીવલથી આપણે કાંઈ 'વાઈબ્રેટ' નથી થતાં... પણ સાચે જ ૮ ટેમ્પરેચર થઈ ગયું છે...!

અસાઈત સાંસ્કૃતિક મંચ દ્વારા 'ઉપલો માળ ખાલી' નાટક ભજવાયું!

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતમાંથી ઉગતા પ્રતિભાશાળી દિગ્દર્શકોની પસંદગી કરવામાં આવે છે. જે અંતર્ગત સાબરકાંઠાના કામાક્ષી વ્યાસની તાજેતરમાં પ્રતિભાશાળી દિગ્દર્શક તરીકે પસંદગી થઈ છે. કામાક્ષી વ્યાસનું નાટક 'ઉપલો માળ ખાલી' હિંમતનગર, વિજાપુર, ધિણોજ અને મહેસાણા ખાતે રજૂ કરવામાં આવ્યું હતું.

સામાજિક હાસ્ય પ્રધાન નાટક 'ઉપલો માળ ખાલી'ના દિગ્દર્શક કામાક્ષી વ્યાસના નિર્માણ તળે આ નાટકનો ચોથો પ્રયોગ અસાઈત સાંસ્કૃતિક મંચ દ્વારા મહેસાણા ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં નાટય રસિક પ્રેક્ષકોએ હાજર રહી નાટકને મન ભરીને માણ્યું હતું. નાટકમાં સાબરકાંઠા અને અમદાવાદના કલાકારોએ અભિનય આપ્યો હતો.

ઓડિસી સમાજ દ્વારા અમદાવાદ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા.૩

ગુજરાત એક એવુ રાજય છે જયાં વિવિધ પ્રાંત-ધર્મ અને ભાષાના લોકો વસે છે. ગુજરાત રાજયમાં લગભગ તમામ ધર્મ સંપ્રદાયના લોકો આવીને વસ્યા છે, તેમ મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, અમદાવાદ ખાતે ગુજરાતમાં વસતા ઓડિસી સમાજ દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે દરેક પ્રદેશની પોતાની આગવી ઓળખ તેની સંસ્કૃતિ હોય છે અને આજે ઉડીસી કલાકારોએ ઓડિસી રાજયની સાંસ્કૃતિક અહીં ઉજાગર કરી પોતાના રાજયની ઓળખ પ્રસ્થાપિત કરી છે તે માટે કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગૃહ વિભાગ અધિક સચવ શ્રી એસ.કે. નંદા, વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી એચ.કે. દાસ, અમદાવાદ મહાનગરપાલિકા કમિશનરશ્રી ગુરૂપ્રસાદ મહાપાત્ર તથા ઓડિસી રાજયના અગ્રણીઓ અને ગુજરાતમાં વસતા ઓડિસી રાજયના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઓડિસી કલાકારો દ્વારા રામાયણ કૃતિને નૃત્ય નાટિકામાં અદભૂત રીતે રજૂ કરવામાં આવી હતી.

ગાંધીનગરના જ-માર્ગ પર આવેલા કુદરતી સૌંદર્ય ધરાવતા સરિતા ઉદ્યાનમાં અત્યારે ગુજરાતી ચલચિત્રનું શુંટીંગ ચાલી રહ્યું છે. જે ગાંધીનગરનું જ તન્વી પ્રોડકશન બનાવી રહ્યું છે. આ ગુજરાતી ચલચિત્રનું નામ આત્મા છે. આ ફિલ્મની કથા નિર્દેશક જગદીશ સોનીએ લખી છે. તેમજ આ ચલચિત્રમાં નિશાંત પંડ્યા, ધૈમી ગોહિલ, મહેન્દ્ર પંચાલ, મનિષા તડવી અને ફિરોઝ ઈરાની દ્વારા અભિનય કરવામાં આવનાર છે. આ ચલચિત્રના કેટલાક અંશો સરીતા ઉદ્યાનમાં શુટ કરવામાં આવી રહ્યા છે. હજુ પણ ત્રણ દિવસ સુધી આ શુટીંગ ચાલવાનું છે.

જીવનનું ધ્યેય નક્કી કરવું અને જ્ઞાનનો પ્રકાશ જયાંથી મળે ત્યાંથી પ્રાપ્ત કરવો, જેથી આત્મઘાતી ન બનતાં આત્મવાન-પ્રાણવાન બનીએ...

સંસ્કાર ચિંતન
- અનંત વ્યાસ

અસૂર્યા નામ તે લોક, અન્ધેન તતમસાડડવૃતાઃ।
તાં સ્તે પ્રેત્યાભિગચ્છંન્તિ, યે કે ચાત્મહનોજનાઃ॥
'સૂર્ય રહિત જે આસુરી સૃષ્ટિ ઘોર અંધકારથી સદૈવ આચ્છાદિત છે. એમના પ્રતિ મૃત્યુ પછી જે કોઈ જાય છે તેઓ આત્મઘાતી ગણાય છે.'

- ઇશ, મંત્ર-૩

ઈશાવાસ્ય ઉપનિષદ કદમાં નાનુ હોવાં છતાં પ્રાચીનતમ અને સર્વોત્તમ ઉપનિષધ છે. ઉપનિષદોને હિન્દુ ધર્મના બાઈબલ માનવામાં આવે છે. તેમાં પ્રયોજાયેલી ભાષ, સૂત્રાત્મક, ગહન, તથા શબ્દની ત્રિવિધ શક્તિનો ભરપૂર ઉપયોગ કરી, અર્થ, ગંભીરતા પેદા કરે તેવા ઉત્કૃષ્ટ સ્વરૂપની હોય છે. મંત્રોના પ્રાથમિક વાચન વખતે મંત્રનો અર્થ સાદો અને અતિ સરળ લાગે છે. ઉપરોક્ત મંત્રનો વાચ્યાર્થ આ પ્રમાણે થાય છે. 'એવા ઘણાં પ્રદેશે છો જયાં સૂર્યનો પ્રકાશ કદિ પહોંચતો નથી, તેથી તે પ્રદેશો સદાને માટે ગાઢ અંધકારમાં ઘેરાયેલાં રહે છે. જો કોઈ જીવ આત્મઘાતી હોય છે તે મૃત્યુ પછી આવા પ્રદેશમાં જાય છે.'

આત્મઘાતી લોકો ગાઢ અંધકાર નર્કમાં જાય છે. તેવા ઉલ્લેખો પુરાણોમાં મળે છે. નર્ક એવો પ્રદેશ છે જયાં સદાને માટે સૂર્યનો પ્રકાશ મળતો નથી. ઉપનિષદમાં જો માત્ર આટલું જ કથન હોય તો તેમાં કોઈ ગહનતા કે પછી વ્યંજતાને સ્થાન નથી. પણ ઋષિએ કંઈક અધિકપણે જ સુચવવાનું છે. અને તે માટે ત્રણ વિશિષ્ટ પદોનો ખાસ પ્રયોગ કર્યો છે. આ ત્રણ પદો એટલે, અસૂર્યા/અસર્યાલોક, આત્મહન જનાઃ તથા 'પ્રેત્યામિગચ્છંન્તિ' આ ત્રણે પદોને તેના વિશિષ્ટ અર્થમાં સમજવા જરૂરી છે. આજના યુગમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો યુગ છે. માટે મંત્રનો અર્થ સ્પષ્ટ કરવા માટે વૈજ્ઞાનિક - સંશોધનવૃત્તિ જ આપણે અપનાવવી જોઈએ.

દા.ત. 'પ્રેત...' માં મૃત્યુ પછી થાય છે. તેવો સામાન્ય અર્થ છે. આ અર્થ સ્વીકારતાં વૈજ્ઞાનિક સભ્ય બાધિત થાય છે. કારણ સ્વર્ગ કે નરક કે સત્ય પ્રદેશો નથી. માટે ધર્મગ્રંથોમાં નિયોજિત પદના અર્થો વ્યજંનાત માનવા જોઈએ. વિજ્ઞાન અને ધર્મ બંને માનવજાતનું શુભ કરવામાં માને છે. જેથી ધર્મ પણ વિજ્ઞાન જેટલો જ સ્વીકાર્ય બનવો જોઈએ. વગર વિચાર્યે ધર્મનો ઈન્કાર કરવા કરતાં તેમાં પણ તત્ત્વજ્ઞાન તથા વિચારોની ઉન્નત ધારા વહે છે તેમ માનવું વધારે ન્યાયપૂર્ણ ગણાય. આજના સંદર્ભમાં ધર્મમાં જે કંઈ આપણે અશુભ જોઈએ છીએ એ તો અલુઝ અનુયાયીઓએ પ્રયોજેલ કર્મકાંડ માત્ર છે. ધર્મનાં મૂળ અર્થમાં તે ધર્મ નથી. ધર્મમાં માનવ - જીવનના ઉચ્ચ મૂલ્યોની વિવેચના તથા તે પ્રાપ્તિના માર્ગોની જાણકારી અપાય છે. ધર્મના આ અર્થના પરિપેક્ષમાં આપણાં ઉપરોક્ત મંત્રનો અર્થ સમજીએ.

'ઈશ' ઉપનિષદનો આ ત્રીજો મંત્ર છે. દરેક મંત્રનો સ્પષ્ટાર્થ કથીતવ્યના અનુસંધાનમાં સમજવો જોઈએ, ગહન તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં સર્જકનું લક્ષ્ય ધીમે ધીમે સ્પષ્ટ થતું જાય છે. મંત્રો પરસ્પર ભાવનામાં સંકળાયેલાં હોય છે. જેમકે પ્રથમ મંત્રમાં 'ત્યાગીને ભોગવી જાણો' તેવો ભાવ છે. જે જ્ઞાનમાર્ગ કે ત્યાગમાર્ગનાં સ્પષ્ટ નિર્દેશ કરે છે. બીજા મંત્રમાં 'કર્મો તેને લીપતા નથી' તેમ કહ્યું છે. આ પાછળથી ગીતામાં પ્રબોધાયેલ અનાસક્ત કર્મયોગનો નિર્દેશ છે. આ બે મંત્રોમાં - માનવી માટે આચરવામાં બે માર્ગ - જ્ઞાનયોગ તથા કર્મયોગ - ઋષિ આંકી બતાવે છે. મનુષ્ય - માત્રને જીવનના અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવા માટે આ બે માર્ગમાંથી કોઈ પણ એક માર્ગની પસંદગી અવશ્ય કરવાની રહે છે. ગીતાજી તો કહે છે કે બંને માર્ગો માનવી માટે સરખા હિતકારી તથા ફળદાતા છે. આ બંને માર્ગને ન અનુસરનારની નિયતિ શી હોય છે તે વાત આ ત્રીજા મંત્રમાં કહેવામાં આવી છે.

આવા લોકો માટે ઋષિ આત્મઘાતક - આત્મહના જનાઃ તેવું પદ પ્રયોજવું છે. આત્મઘાતી કોને કહેવા એ ઋષિ-દૃષ્ટિએ જોવાનું છે. જે કોઈ વ્યક્તિ કે સમાજ ઉચ્ચ જીવન મૂલ્યો માટે સંખ્યાબધ્ધ ન હોય, અથવા તો કર્તવ્ય - કર્મો પ્રતિ નિષ્ઠા ન ધરાવતાં હોય તો આવી વ્યક્તિ કે સમાજ લાંબા ગાળે નષ્ટપ્રાય થાય છે. કદાચ લાંબો સમય જીવે તો પશુવત જીવન જીવતા હોય. તેઓ સ્વાર્થી વૃત્તિઓ ધરાવતાં હોય, વધારેમાં વધારે પોતાને જ મળવું જોઈએ તેવી માન્યતા ધરાવતાં હોય, આળસ તથા પ્રમાદમાં જીવન વ્યતિત કરતા હોય. વિદ્યા, જ્ઞાન તથા કલાવિહીન હોય - આવા તમામ જનો માટે ભર્તૃહરિ સ્પષ્ટ કહે છે. 'મનુષ્યરૂપેણ મૃગાઃ ચરન્તિ' આવો સમાજ પણ જો ચેતના વિનાનો હોય તો મૃતપ્રાય જ ગણાય છે. આવા લોકો આત્મહન જનાઃ ની 'કેટેગરી'માં આવે.

વેદાંતની પરિભાષામાં પણ આ પદનો વિચાર કરીએ તો આત્મા જેવો છે. તેવો તેને સમજવાને બદલે જેઓ તેને વિપરિત સમજે. આત્મામાં કર્તાપણાનો, ભક્તિપણાનો તથા અશુધ્ધતાનો આશય કરે તેવો આત્મઘાતી છે. તેમ જગતગુરૂ શંકરાચાર્ય કહે છે. તો રામાનુચાર્યના મત પ્રમાણે જે લોકો બ્રહ્મને અસત્ય માને અને નિષિધ્ધ કર્મમાં નિષ્ઠા ધરાવે તેઓ પણ આત્મઘાતી ગણાય. જો શાસ્ત્રીય ચર્ચામાં ન પડીએ તો લોકવાણીમાં, લાગણીહીન માણસો માટે, તેનો આત્મા તો મરી પરવાર્યો છે તેવું બોલાય છે. આ લોકવાણી ધ્યાનમાં લઈએ તો જેઓ લાગણીહીન છે. સ્વકેન્દ્રી તથા સ્વાર્થી છે. જેઓ પોતાના નાનકડાં હિત માટે અન્યનું ભારે નુકશાન કરવામાં જરા પણ અચકાતા નથી તે સૌ આત્મઘાતી શ્રેણીમાં આવે બીજું પદ અસૂર્યા લોક અથવા અસુર્યા લાક છે. આ બંને શબ્દો અલગ અલગ અર્થ ધરાવે છે. અસૂર્યા લોક એટલે એવો પ્રદેશ જયાં સૂર્યનો પ્રકાશ પહોંચતા નથી. જયારે અસુર્યા લોક એટલે આસુરી સંપદ ધરાવનાર માનવી. આ પદ સમાજના અધઃપતનના પ્રતિકરૂપે છે. શ્રીમદ્ ભગવદ્ - ગીતાના સોળમાં અધ્યાયમાં ભગવાન કહે છે 'આસુરી - સંપદ્' ધરાવનારને હું કાયમ નિમ્ન યોનિમાં જ નાખુ છું. તેઓ અધોગતિ પામે છે. આ દૃષ્ટિએ જે લોકો વિવેકહીન સ્વાર્થી ને અહંભાવી હોય તેઓ નિમ્ન યોનિમાં જન્મ લે છે. એટલે કે આત્મહન જનાઃ નો જન્મ કાયમ નીચ યોનિમાં થાય છે. માનવ તરીકે જન્મે તો પણ અજ્ઞાનમાં અટવાતા માનવ તરીકે જ જીવે છે. ઘણીવાર એવા ગાઢ-અંધકાર ધરાવતાં અરણ્ય-વિસ્તારમાં તેઓ જન્મે છે. જયા જ્ઞાનનો પ્રકાશ ન પહોંચ્યો હોય. 'અસુર્યા'નો એક અર્થ અજ્ઞાનથી ઘેરાયેલું માનસ તેવો પણ થાય છે. જયાં જ્ઞાનની વાત સાંભળવા, જ્ઞાનની માટે સમજ કેળવવા પણ કોઈ તૈયારી હોય. આત્મરતિમાં રાચતાં આ લોકો કોઈ જ્ઞાન-વિજ્ઞાનની વાતો કરે તો કહે છે, 'અમારે હજાર વર્ષ અંધારે ગયા. તમે આવા ડાહ્યા ક્યાંથી થયા.' (અખો) જે લોકો સદૈવ આત્માના અવાજની અવગણના કરતા હોય. જેનો માંહ્યલો મરી ગયો હોય. તેવા લોકો પણ અજ્ઞાનરૂપી અંધકારના લોકમાં ભટકતા રહે છે.

'પ્રેત્યામિગચ્છાન્તિ' મૃત્યુ પછી ત્યાં જાય છે. આ પદ પણ વિચારણા માગે છે. મર્યા પછી એટલે? શાના મરણ પછી આ ભૌતિક, દેહના કે આત્મતત્ત્વના... આ બંને અર્થ અસ્પષ્ટ છે કારણ ભોતિક દેહ પડ્યા પછીની સ્થિતિ વિશે આપણે કશું સ્પષ્ટ જાણતા નથી તે આત્મા તો અજર અમર છે. તો પછી કોને 'પ્રેત' કહિશું? જે લોકો જીવતે મુવા જેવા છે. તેવા લોકો માટે 'પ્રેત' શબ્દ - પ્રયોજાયો છે. જે લોકો ન તો જ્ઞાનમાર્ગી છે ન તો કર્મમાર્ગી (ભક્તિ એ જ્ઞાન માર્ગમાં સમાઈ જાય છે.) તેવા લોકોને પ્રેતની ઉપમા અપાય છે.

આપણે વાત-વાતમાં કહીએ છીએ. 'સાવ ભૂત જેવો છે કંઈ સમજતો નથી' જે લોકો બ્રહ્મના - ઈશ્વરના કે જ્ઞાનના માર્ગ પર ન ચાલે. તેના વિષે કશું ન જાણે આ જીવન માત્ર જીવ્યે જાય. પણ આત્મજ્ઞાન માટે જાગૃત ન થાય, તે સૌ પ્રેત સમાન ગણાય. ચેનતા વિનાના, મર્યા વાંકે જીવતા, દરેક સ્થળે અપમાન તથા અવગણના સહન કરનાર ને માટે નિર્વીર્ય કે નામર્દ શબ્દ છે. આ પ્રજા પણ પ્રેતની જ ઉપાધિ પામે. આવા લોકો પણ કાયમ અજ્ઞાનનાં અંધકારમાં અટવાતા હોય છે. 'અન્ધતમ' એટલે એવો અંધકાર. જેને આપણાં પ્રગાઢ કહીએ. જેમાં જરા પણ અતિ ઝાંખા પ્રકાશનો પણ અનુભવ ન થાય. પ્રકાશિત થયેલું મન જયારે પશુવૃત્તિમાં ઉતરી પડે. નિમ્ન કક્ષાનું આચરણ કરે. ત્યાગ તેના ચિત્તની. સ્થિતિ અન્ધ તમ પૂર્ણ અજ્ઞાનમય અંધકારવાળી હોય છે તેમ મનાય.

આ મંત્રના વિવિધ પદોના ઉપરોક્ત વિવરણના પ્રકાશમાં મંત્ર પાછળનો ગૂઢાર્થ આ પ્રમાણે પ્રાપ્ત થાય. જેઓ પોતાના આત્માનું સતત અવગણના કરે, માત્ર વિષય ભોગ્યમાં રચ્યા પચ્યા રહે. મનના આવેગ પ્રમાણે વર્તન કરે, જેનો મન પર જરા પણ અંકુશ ન હોય, ભૌતિક દેહના પતન પહેલાં જ જેનાં આત્મા મરી ચૂક્યો હોય. જેઓ લાગણીહીન - આત્મકેન્દ્રી તથા પુરતા સ્વાર્થી હોય. આવા જનો આત્મઘાતી ગણાય અને તેઓ કાયમ અજ્ઞાનરૂપી ઘોર અંધકારમાં અટવાયા કરે. વિવેક, વિવાનો તામસી સ્વભાવ તેઓને જ્ઞાન-પ્રકાશના માર્ગને બદલે અંધકારના માર્ગે જ દોરી જાય, માત્ર પગે ચાલતા પશુ જેવા ગણાય.

ઋષિની આ સંકલ્પના છે તેની પાછળનો ભાવાર્થ એ છે જો આપણે અ